અનુ.જનજાતિના તાલુકાઓમાં પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન સાથે " પૂરક પોષણક્ષમ આહાર" આપવા અંગે.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૦૬/યુઓ/૨૮/ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ 28 SEP 2007

વંચાણે લીધા :-

૧. શિક્ષણ વિભાગના તા:૯/૧૧/૮૪ના ઠરાવ ક્રમાંક:મભય/૧૩૮૪/ક
૨. કમિશનરશ્રી, (આ.વિ ) ના તા. ૨૭/૪/૦૭ના પત્ર ક્રમાંક: અવક/ અજન/૫/ગુ.પે. આયોજન-૨૦૦૭/૧૧૧ થી ૧૩૮

ઠ રા વ :-

રાજયની પ્રાથમિકશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને " મધ્યાહન ભોજન" યોજના હેઠળ આહાર આપવામાં આવે છે. આ બાળકોની આરોગ્યની ચકાસણી દરમ્યાન પછાત તાલુકાના પ્રાથમિક શાળાના ગરીબ, પછાત અને અનુ.જનજાતિના બાળકોમાં કુપોષણનું પ્રમાણ જોવા મળે છે. જેની તેમના માનસિક, શારીરિક અને શૈક્ષણિક વિકાસ ઉપર અસર જોવા મળે છે. માન. મુખ્ય મંત્રીશ્રીએ વનબંધુ યોજના હેઠળ અનુ. જનજાતિના બાળકોને પોષણક્ષમ આહાર આપવા જાહેરાત કરેલ છે. આદિજાતિ વિસ્તારના પછાત તાલુકાઓમાં મધ્યાહન ભોજન સાથે " પૂરક પોષણક્ષમ આહાર" આપવા અંગે કમિશનરશ્રી (આ.વિ ) એ આમુખ ક્રમાંક : (૨) માં જણાવેલા તા:૨૭/૪/૦૭ થી દરખાસ્ત કરેલ છે

ઠ રા વ :-

રાજયના આદિજાતિ વિસ્તારના ગરીબ, પછાત અને અનુ. જનજાતિના વાલીઓ તેમની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે પોતાના બાળકોને પોષણસમ આહાર આપી શકતા નથી. સંતુલિત આહારના અભાવે બાળકોનો સંમ્પૂર્ણ શારીરિક અને માનસિક વિકાસ થતો નથી પ્રાથમિક શાળાના બાળકોના સમ્પૂર્ણ શારીરિક અને માનસિક વિકાસ થાય તે માટે તેમને " પૂરક પોષણક્ષમ આહાર આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આદિવાસી વિસ્તારના ૨૦ પછાત તાલુકાના પ્રાથમિક શાળાના બાળકોને " પુરક પોષણક્ષમ આહાર" આપવાની બાબતને આથી મંજૂરી આપવામાં આવે છે. આ યોજનાનો અમલ ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ અમદાવાદના સહયોગથી શરૂ કરવામાં આવી રહી છે.

યોજનાની બોલીઓ અને શરતો નીચે મુજબ રહેશે.

૧. આ યોજનાનું નામ "પૂરક પૌષ્ટિક આહાર" યોજના રહેશે.

૨. આ યોજના પ્રારંભ પ્રથમ તબકકે આદિવાસી વિસ્તારના ૨૦ પછાત તાલુકાઓમાં ધો.૧ થી ધો. ૭ ના પ્રાથમિક શાળામાં ભણતા બાળકો માટે કરવામાં આવશે.(એનેક્ષર-૧ સામેલ છે. )

૩. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદ દ્વારા રૂ. ૨.૧૦ પૈસામાં ૬૦ ગ્રામ પ્રોટીન, કાબોહાઈડ્રેડ, વિટામીનયુકત નાસ્તો ત્રણ જુદા જુદા ફલેવરમાં આપવાનો રહેશે. જેમાં નીચે મુજબનું પ્રમાણ જાળવવાનું રહેશે.

| વિગત | ગ્રામ |
|---|---|
| વ્હીટ ફલોર | ૨૬.૦૦ |
| સોયા ડીફેટેડ | ૧૦.૪૦ |
| રાઈસ | ૧૦.૮૦ |
| સુગર સોલ્ટ ફલેવર | ૮.૦૦ |
| ઓઈલ | ૪.૫૦ |
| વિટામિન અને મીનરલ | ૦.૩૦ |
| | ૬૦.૦૦ |

ઉપરોકત ગુણવત્તાની ચકાસણી સમય અંતરે કરાવી તેનો અહેવાલ કમિશનરશ્રી મારફત સરકારશ્રીમાં રજુ કરવાનો રહેશે.

૪. ગુજરાત એગ્રો ઈન્સ્ટ્રીઝ દ્વારા આ નાસ્તો બાળકોને જે તે શાળાના સ્થળ ઉપર પહોંચડવાનો રહેશે.

૫. નાસ્તાના પેકેટ ઉપર વેચાણ માટે નથી. તેવું સ્પષ્ટ લખવાનું રહેશે અને તેના ઉપર કિંમત લખવાની રહેશે નહિં.

૬. ચાલુ શૈક્ષણિક વર્ષમાં યોજનાનું અમલીકરણ થાય તે તારીખથી શૈક્ષણિક સત્રના અંત સુધીના દિવસો આવરી લેવાના રહેશે. તે મુજબ શાળા અને બાળકોની સંખ્યા મુજબ ખર્ચની વિગત પ્રાયોજના વહીવટદાર અને ના. કલેકટર, મધ્યાહન ભોજનએ નકકી કરવાની રહેશે.

૭. દરેક શાળામાં શાળાના આચાર્યનો તાત્કાલિક સંપર્ક થઇ શકે તે માટે ટેલિફોન નંબરોની યાદી બનાવવાની રહેશે તેમજ શકય હોય તો વ્યકિતગત મોબાઇલ નંબર પણ મેળવી તેની યાદી બનાવી ગુજરાત એગ્રો ઈન્ડસ્ટીઝને આપવાની રહેશે.

૮. હાલમાં આ યોજના પ્રાયોગિક ધોરણે શરૂ થનાર હોઇ બાળકોના ન્યુટ્રીશન અને સ્વાસ્થ્યમાં કોઇ ફેરફાર થાય તે જોઇ શકાશે નહીં ઓછામાં ઓછા આ માટે પાંચ થી છ માસ જોઇએ. તેમ છતાં શરૂઆતમાં તાલુકાઓના નજીકમાં આવેલ કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર (સી.એચ.સી) માં બાળકોના રેન્ડમ ટેસ્ટ લઇ આરોગ્યની ચકાસણી કરાવવાની રહેશે. આ યોજનાના અમલીકરણની સાતથી આઠ માસ પછી વિભાગ દ્વારા નિયત થયેલ થર્ડ પાર્ટી મારફત મૂલ્યાંકન કરાવવાનું રહેશે. થર્ડ પાર્ટી મુલ્યાંકનનો અહેવાલ વિભાગને રજૂ કરવાનો રહેશે.

૯. થર્ડ પાર્ટી મૂલ્યાંકનનો અહેવાલ વિભાગને મળ્યા બાદ અહેવાલના આધારે આ યોજનાની સમીક્ષા કરી આ યોજના આવતા વર્ષોમાં ચાલુ રાખવી કે કેમ? તેનો નિર્ણય કરવાનો રહેશે.

૧૦. આ યોજનાના સરળ અને ઝડપી અમલીકરણ તેમજ દેખરેખ માટે પ્રાયોજના વહીવટદારશ્રી, તકેદારી અધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ સંકલનમાં રહી કરવાની રહેશે.

આ યોજનાનો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ની માંગણી ક્રમાંક : ૯૬ ગુજરાત પેટર્નના અલગ અલગ સદરો હેઠળ થયેલી જોગવાઇમાંથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી ,સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
માન. મંત્રીશ્રી શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
પ્રભારી સચિવશ્રી, પછાત તાલુકા-
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
નાયબ સચિવશ્રી (સેવા) આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી , અમદાવાદ/ રાજકોટ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કલેકટર
જિલ્લા તકેદારી અધિકારીશ્રી,
જિલ્લા પ્રાયોજના અધિકારીશ્રી -
આશ્રમશળા અધિકારીશ્રી સા
નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
બજેટ (છ) શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
સિલેકટ ફાઇલ.

RNRAVAL-PRCH-1006-UO-GH-907-1

# પરિશિષ્ટ

## વિકાસશીલ તાલુકાઓની યાદી

| ક્રમાંક | તાલુકાનું નામ | જિલ્લાનું નામ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | કવાંટ | વડોદરા |
| ૨ | ધાનપુર | દાહોદ |
| ૩ | કપરાડા | વલસાડ |
| ૪ | ઘોઘંબા | પંચમહાલ |
| ૫ | ગરબાડા | દાહોદ |
| ૬ | સાગબારા | નર્મદા |
| ૭ | મોરવા (હડફ) | પંચમહાલ |
| ૮ | ડાંગ | ડાંગ |
| ૯ | ઉમરપાડા | સુરત |
| ૧૦ | નસવાડી | વડોદરા |
| ૧૧ | દેડીયાપાડા | નર્મદા |
| ૧૨ | ઝાલોદ | દાહોદ |
| ૧૩ | ફતેહપુરા | દાહોદ |
| ૧૪ | ઉચ્છલ | સુરત |
| ૧૫ | લીમખેડા | દાહોદ |
| ૧૬ | દેવગઢબારીયા | દાહોદ |
| ૧૭ | જેતપુર- પાવી | વડોદરા |
| ૧૮ | ખાનપુર | પંચમહાલ |
| ૧૯ | નિઝર | સુરત |
| ૨૦ | સંતરામપુર | પંચમહાલ |